## પરિશિષ્ટ – ૧

## વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે
## ઓન કોલ બેસીસ – ૩૦૦/૧૫૦ કી.મી પ્રતિ દિવસ ની મર્યાદામાં

ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર હસ્તકની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ ની કચેરી ખાતે ઝાયલો અથવા ટવેરા જેવી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) તથા ડિઝાયર અથવા ઈટીયોસ જેવી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) સી.એન.જી. / ડિઝલ એ.સી. કાર પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં રજિ. પો. એ.ડી. અથવા રૂબરૂમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ અલગ બંધ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજનાં દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૦૧-૦૬-૨૦૧૯ થી તા. ૨૧-૦૬-૨૦૧૯ સુધીમાં એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદની કચેરી ખાતેથી અરજી સાથે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (Admission Committee for Professional Courses) ના નામનો પ્રતિ વાહન રૂ. ૧,૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફી તરીકેની ચુકવણી કર્યેથી ટેન્ડર રૂબરૂ મેળવી શકાશે.તથા અમારી વેબસાઇટ www.jacpcldce.ac.in ઉપરથી ડાઉનલોડ કરી શકશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઇચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૭-૦૬-૨૦૧૯ ના રોજ બપોરે ૦૩-૦૦ કલાકે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ-અલગ કવરમાં ભરેલા ટેન્ડર ફોર્મ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ તા. ૨૪-૦૬-૨૦૧૯ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં રજિ. પો. એ.ડી. થી અથવા રૂબરૂમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર ફોર્મ રદબાતલ ગણવામાં આવશે. પૂર્વ લાયકાતના ટેન્ડર ફોર્મ તા. ૨૫-૦૬-૨૦૧૯ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે કચેરી ખાતે ખોલવામાં આવશે.

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, અમદાવાદ

| | |
|---|---|
| ટેન્ડર ફી ની રકમ | રૂ. ૧,૫૦૦/- પ્રતિ વાહન |
| અર્નેસ્ટ મની ડિપોઝીટ ની રકમ | રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ વાહન |
| ટેન્ડર શરુ થયાની તારીખ | તા: ૦૧-૦૬-૨૦૧૯; સમય : ૧૧:૦૦ કલાકે |
| પ્રી-બીડ મીટીંગ | તા: ૧૭-૦૬-૨૦૧૯; સમય : ૧૫:૦૦ કલાકે |
| ટેન્ડર જમા કરાવવાની તારીખ | તા: ૨૪-૦૬-૨૦૧૯; સમય : ૧૭:૦૦ કલાક સુધી |
| પૂર્વ લાયકાતના ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ | તા: ૨૫-૦૬-૨૦૧૯; સમય : ૧૫:૦૦ કલાકે |

## પરિશિષ્ટ – ૨

# વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા અંગેના ટેન્ડર અંગેની અગત્યની સૂચનાઓ

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, અમદાવાદ ખાતેથી મેળવેલ કચેરીના સિક્કા તથા નંબર સાથેનું જ અસલ ટેન્ડર ફોર્મ ભરીને પરત કરવાનું રહેશે. બહારથી મેળવેલ કે ઝેરોક્ષ કરાવેલ ટેન્ડર માન્ય ગણાશે નહીં.

(૨) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફોર્મ સાથે પ્રતિ વાહન નક્કી કર્યા મુજબની નિયત અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. ૧૦,000 નો પે ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફ્ટ "ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES"ના નામનો બિડાણ કરવાનો રહેશે. અર્નેસ્ટ મની ડિપોઝીટ વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૩) સિક્યુરીટી ડિપોઝીટની રકમ રૂ.૧૦,000/- ટેન્ડર સ્વીકાર થયેથી ફિક્સ ડિપોઝીટ અથવા બેન્ક ગેરંટી સ્વરૂપે રજૂ કરવાની રહેશે.. સિક્યોરીટી ડિપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહિના બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૪) ટેન્ડર ભરનાર એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ તેમના વાર્ષિક સરેરાશ લઘુત્તમ ટર્નઓવરની વિગતો દર્શાવવી જરૂરી રહેશે. તેમજ આવકવેરા ધારા હેઠળનું માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે કોઈ નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકર્ડ પર નહીં હોવાનું એકરારનામું રજૂ કરવાનું રહેશે.

(૫) પ્રતિ વાહન ભરેલ પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ-અલગ કવરમાં સંપૂર્ણ વિગતો સાથે તા. ૨૪-0૬-૨0૧૯ સુધીમાં કચેરીને સાંજે 0૫:00 વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં મળી જાય તે રીતે રજી. પો. એ.ડી.થી અથવા રૂબરૂ માં મોકલી આપવાના રહેશે. ટેન્ડરના સીલ કવર ઉપર "વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે)" એમ મોટા અક્ષરે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત તારીખ સમય બાદ મળેલા ટેન્ડરો રદબાતલ ગણાશે.

(૬) નિયત સમય મર્યાદામાં રજિ. પો. એ.ડી. થી તથા રૂબરૂમાં મળેલા ટેન્ડરો તા. ૨૫-0૬-૨0૧૯ ના રોજ બપોરે 0૩:00 કલાકે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, અમદાવાદ ખાતે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર અથવા તેમના પ્રતિનિધી હાજર રહી શકશે.

(૭) આ કામની પ્રીબીડ મીટીંગ વખતે આ અંગે કામકાજની જરૂરિયાત અંગે કે કોઈપણ પ્રકારની પૃચ્છા/જાણકારી આપવામાં આવશે. પૃચ્છા ધરાવતી એજન્સીઓએ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થીતી વગેરેથી સુમાહિતગાર થઈ શકશે અને ટેન્ડર ભરતાં પહેલાં ઘટતી વિગતો મેળવી શકશે.

(૮) ભરેલા ટેન્ડરો સ્વીકારવા / ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસને અબાધિત અધિકાર રહેશે.

(૯) પૂર્વ લાયકાત અને ભાવપત્રકનાં ટેન્ડર ફોર્મનાં અલગ-અલગ સીલબંધ કવર ઉપર "પૂર્વ લાયકાત ફોર્મ" અને "ભાવપત્રકના ટેન્ડર ફોર્મ" લખવાનું રહેશે.

## એજન્સી પાસે વાહનોની માહિતી દર્શાવતું પત્રક

(૧) રજિસ્ટ્રેશન નંબર તેમજ તારીખ :

(૨) કંપનીનું નામ :

(૩) મોડેલ :

(૪) વાહનનાં માલિકનું નામ :

(૫) રજિસ્ટ્રેશન તારીખ અને નંબર :

(૬) વાહનનો ટેક્ષ ભર્યાની વિગત :

(૭) અકસ્માત વિમા કંપની / પોલીસી નંબર / વેલીડીટી :

(૮) ટેક્ષી પરમીટ લેવામાં આવી હોય તો તેની વિગત :

(૯) ટેક્ષી પરમીટ રીન્યુ કરાવવાની વિગત :

નોંધ -

૧. ઉપરોક્ત જણાવેલ (૧) થી (૯) મુદ્દાની માહિતી પ્રત્યેક વાહન માટે અલગ અલગ શીટમાં આપવાની રહેશે.

૨. વાહનની રજિસ્ટ્રેશન બુક, ટેક્ષી પાસિંગ સર્ટિફિકેટ, વિમાની પોલીસી તેમજ રસ્તા પરમીટની નકલ પૂર્વ લાયકાત ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે.

...............................................

કોન્ટ્રાક્ટરનાં સહી-સિક્કા

## પરિશિષ્ટ – ૩

## વાહન સુવિધા (હંકારનારની સેવા) - પૂર્વ લાયકાત ફોર્મ

ટેન્ડર સાથે રજૂ કરવાની વિગતો

| | | | |
|---|---|---|---|
| (૧) | એજન્સીનું નામ તથા સરનામું | : | |
| (૨) | વ્યવસાયવેરા રજિસ્ટ્રેશન નંબર | : | |
| (૩) | માલિક/ભાગીદારોના નામ/સરનામ ફોટા (કુલ મુખત્યાર નામુ) | : | |
| (૪) | ટેલીફોન નંબર એજન્સી / માલિક / ભાગીદાર ફેક્ષ નંબર અને ઈ-મેલ આઈ-ડીઃ | : | |
| (૫) | વ્યવસાયમાં જાડાયાનું વર્ષઃ | : | |
| (૬) | સર્વીસ ટેક્ષ રજિસ્ટ્રેશન નંબરઃ | : | |
| (૭) | પ્રોવિડન્ટ ફંડ / ઈએસઆઈ નંબરઃ | : | |
| (૮) | છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતઃ<br>(અ) વર્ષ : ૨૦૧૭-૧૮<br>(બ) વર્ષ : ૨૦૧૬-૧૭<br>(ક) વર્ષ : ૨૦૧૫-૧૬ | : | |
| (૯) | હાલ અથવા અગાઉ જે કંપની/સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતોઃ<br>સરકારી / અર્ધ સરકારી / જાહેર સાહસ / બેંક / હોસ્પીટલ / સહકારી સંસ્થા / ઔદ્યોગિક કંપની / હોટલ ઇત્યાદિ | : | |

| ક્રમ | સંસ્થા/કંપની નુ નામ, સરનામુ, ટેલીફોન/મોબાઇલ નંબર | કરાર નો સમય કયાંથી – ક્યા સુધી? | વાર્ષિક કરારની રકમ | પુરી પાડેલ સેવાઓની વિગત |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

(સંસ્થાનું સંતોષકારક કામગીરી નું પ્રમાણપત્ર* સામેલ કરવું.)

| | | | |
|---|---|---|---|
| (૧૦) | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર | : | |
| (૧૧) | વાહન હંકારવાની સેવા સુવિધા વાહનોની સંખ્યા<br><br>વાહન હંકારનારની સંખ્યા<br><br>હંકારનાર લાયસન્સ ધરાવે છે ? | : | |
| (૧૨) | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ?<br>નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર નથી / પોલીસ કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાંહેધરીપત્ર છે ?<br>બાંહેધરીપત્ર આપવું | : | |

નોંધઃ *ઉક્ત વિગતોની ફોટો નકલ / સંદર્ભ પત્ર / સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચૂક રજૂ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહીં.

એજન્સીએ આ સાથે બિડેલ પત્રક મુજબ તમામ વાહનોની વિગત આપવાની રહેશે.

.............................................................

કોન્ટ્રાક્ટરનાં સહી-સિક્કો

## પરિશિષ્ટ – ૫

## એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવાની રહેશે

(૧) વાહન હંકારનાર વ્યક્તિ, વાહન ચલાવવાની ઠરાવેલ સર્વ લાયકતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનું રહેશે. ખાસ તો જરૂરી લાયસન્સ ધરાવતો હોય, કલર બ્લાઈન્ડ ન હોય, પંચાવન વર્ષથી વધુ વયનો ન હોવો જાઈએ. જે અંગેના પુરાવાઓ આ કચેરીના સંબંધિત અધિકારી સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૨) વાહન ચાલકે વાહન સાફ-સફાઈ કરી ચોખ્ખું રાખવાનું રહેશે અને દરેક સમયે મુસાફરી માટે તૈયાર રાખવાનું રહેશે.

(3) વાહન ચાલકે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે તેમજ વાહનને કોઈ નુકશાન ન થાય તે રીતે વાહન હંકારવાનું રહેશે.

(૪) વાહન ચાલકોનો ગ્રુપ / પર્સનલ એક્સીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૫) એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવનાર વાહન ચાલકો દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સરકારી વાહનને નુકશાન થાય તો નુકશાન ભરપાઈ કરવા એજન્સી જવાબદાર રહેશે. સરકારે ભોગવવાનું થતું તમામ નુકશાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૬) દરેક વાહન ચલાવનારનો ઇતિહાસ (ચાલચલગત) અંગત વિગતો, વ્યક્તિગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપૂર્ણપણે ખરાઈ કર્યા બાદ જ એજન્સીએ વાહન હંકારનાર પુરા પાડવાના રહેશે. સદરહુ બાબતે જરૂર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યક્તિને વાહન હંકારનાર તરીકે કચેરીમાં હાજર રહેશે.

(૭) વાહન હંકારનાર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/કચેરી કોઈપણ સંજાગોમાં જવાબદાર રહેશે નહીં. કરાર અન્વયે વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા મુકેલા વાહન હંકારનારને સંબંધિત કાયદા અને નિયમોની જાગવાઈ અનુસાર વેતન ચુકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

(૮) એજન્સીએ લેબર કોન્ટ્રાક્ટર અને પી. એફ.ના નિયમો નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુસાંગિક કોઈપણ બાબત જેવી કે માલિક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહીં. વાહન હંકારનાર દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થીત થાય તેમાં કચેરીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.

(૧૦) એજન્સીના વાહન હંકારનાર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલ્કત કે કોઈપણ સાધન સામગ્રીને કે સેવાને સરકારી રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકસાન કે સરકારને ભોગવવાનું થતું તમામ નુકસાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૧૧) કચેરીના જવાબદાર અધિકારીને જો વાહન હંકારનારની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણી દરના બે ટકાની કપાત પ્રથમ તબક્કે કરાવવાની રહેશે તે માટે એજન્સીને જાણ કરાશે. જો સેવા ખામી વિશેષ દેખાય તો બે ટકા લેખે કપાત વધારતા જવાની રહેશે.

(૧૨) સિક્યોરીટી ડિપોઝીટની રકમ પેટે રૂ. ૧૦,૦૦૦ ની રકમ બેંક ગેરંટી અથવા ફિક્સ ડિપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વીકાર થયે રજૂ કરવાની રહેશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક માસ બાદ એજન્સીની સેવાઓ સંતોષકારક જણાયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૧૩) વાહન સુવિધા એજન્સીએ “ON CALL” માંગણી મુજબ માંગણી સમયે વાહન પુરાં પાડવાના રહેશે.

(૧૪) વાહન તરીકે સીએનજી/એલપીજી કે ડિઝલ વાહન આપવાનું (સી.એન.જી. ગાડીને અગ્રીમતા આપવાની) રહેશે. આ વાહનની જાળવણી, બળતણ, મરામત, હંકારનારના ચાર્જની સઘળી બાબતોની જવાબદારી એજન્સીની રહેશે

(૧૫) એજન્સીએ નવા વાહનો અથવા કરારની તારીખથી વધુમાં વધુ બે વર્ષ પહેલાનાં સમય સુધીના મોડલના વાહનો પુરા પાડવાના રહેશે, તેનાથી જુના મોડલનાં વાહનો પુરા પાડી શકાશે નહીં.

(૧૬) કરાર શરૂ કરતાં અગાઉ એજન્સીએ પુરા પાડવામાં આવનાર વાહનો આ કચેરી ખાતે ચકાસણી અર્થે હાજર કરવાના રહેશે. આ ચકાસણી બાદ જે વાહનોની મંજૂરી અપાશે, તેમાં બદલાવ કરી શકાશે નહીં.

(૧૭) એજન્સીએ તેની માલિકીના વાહન ઉપરાંત અન્યની માલિકીના વાહનો પૂરા પાડવામાં આવે તો મુળ માલિક દ્વારા વાહન ચલાવવા માટે પાવર ઓફ એટર્ની આપતો પત્ર રજૂ કરવાનો રહેશે.

(૧૮) દરેક વાહન સારી સ્થીતી માં ચાલી શકે તે માટે જરૂરી સમારકામ કરાવવાની તેમજ વાહનમાં દાગીના નખાવવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે, તેમજ વાહન હંમેશાં સારી કન્ડીશનમાં રહે, તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(૧૯) તમામ વાહનોના વેરાઓ જેવા કે, સર્વિસ ટેક્ષ, રોડ ટેક્ષ તેમજ અન્ય તમામ વેરાઓ એજન્સીએ ભરવાના રહેશે.

(૨૦) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોનો કુલ (ડ્રાઈવર + અનનેમ પેસેન્જર + વાહન) કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહિતનો અકસ્માત વિમો ઉતરાવેલ હોવો જાઈએ. તેમજ તે અંગે ભરેલ પ્રિમિયમની વિગત પુરાવા સહિત આ કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ સદરહુ પોલીસી પુરી થાય તે પહેલાં સમયમર્યાદામાં તે પુનઃજીવિત (રીન્યુ) કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ / કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૨૧) કરારના સમય દરમ્યાન એજન્સીના વાહન અકસ્માત થાય અને કચેરીની માલ મિલકતને નુકશાની થાય તેમજ જાનમાલની નુકશાની થાય તેવા કિસ્સામાં નુકશાનીની રકમ અને અકસ્માત વળતરની રકમ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. એજન્સી આમ કરવામાં નિષ્ફળ જશે તો ત્રણ મહિનાના અંતે રકમ એજન્સીના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

(૨૨) મુસાફરીમાં રાત્રિ રોકાણ દરમ્યાન જો અધિકારી વિશ્રામ ગૃહ કે અતિથિ ગૃહમાં રોકાણ કરે તો નિયમોનુસાર હંકારનારને રોકાણ સુવિધા આપી શકાશે. અન્યથા એજન્સીએ તેના રોકાણ માટે વ્યવસ્થા રાખવાની રહેશે.

(૨૩) રાત્રિ રોકાણ દરમ્યાન હંકારનાર અને વાહનના આનુષાંગિક ખર્ચની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૪) ફાળવેલ વાહન અને /અથવા હંકારનારની અનુપલબ્ધીમાં અન્ય વાહન અને/અથવા હંકારનારની તાત્કાલિક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૨૫) આમ છતાં જા એજન્સી વાહન હંકારનાર કે વાહનો પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોંપાયેલું કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મૂળ એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે. આવી વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમિક ફરજ એજન્સીની

બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પીક વ્યવસ્થા કચેરી કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ / મંજૂરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(૨૬) એજન્સી દ્વારા પૂરા પડાયેલ વાહનનું "સ્પીડોમીટર" ચાલું હાલતમાં સારી સ્થતિમાં ખામી વગરનું હોવું જાઈએ. મીટર બંધ હાલતમાં હોય તે સમયગાળા દરમ્યાન કચેરીના અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરેલ અંતર એટલે કે કિલોમીટર આખરી ગણાશે.

(૨૭) એજન્સી દ્વારા પૂરા પડાયેલ વાહનમાં 'પ્રાથમિક ઉપચાર બોક્ષ' સુસજ્જ કંડીશનમાં રાખવાનું રહેશે. વાહનમાં પાણીનો જગ, ગ્લાસ વિગેરે રાખવાના રહેશે. વાહન હંકારનારે યુનિફોર્મ પહેરાવાનો રહેશે, જે એજન્સી એ પુરો પાડવાનો રહેશે.

(૨૮) એજન્સીએ પ્રત્યેક માસના પ્રથમ અઠવાડિયે કચેરીમાં બિલ રજૂ કરવાનું રહેશે. આ અંગના બીલની સાથે કિલોમીટરની ચકાસણી અર્થે લોગબુકની નકલ સક્ષમ અધિકારીના સિક્કા કરાવીને રજૂ કરવાની રહેશે.

(૨૯) આ કરાર બિન તબદીલી પાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા / કચેરીની પૂર્વ મંજૂરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને કામ તબદીલ કરી શકશે નહીં અથવા આ કરારની અન્ય કોઈ બાબત અન્ય એજન્સીને તબદલી કરી શકશે નહીં.

(૩૦) આ કરારનામું કરાર થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

(૩૧) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નિવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

(૩૨) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહીં.

(૩૩) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે ૩ માસની નોટીસ આપવી પડશે, તે પરિસ્થતિમાં તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે

(૩૪) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોનો કોઈ હક્ક/દાવો રહેશે નહીં. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ

રાખવા માંગતા હોય તો ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાનમાં સંબંધિત કચેરીને નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રિયા ત્રણ માસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૩૫) આ કરાર અમોને કબૂલ–મંજૂર અને બંધનકર્તા છે અને તેની સાબિતીરૂપે નીચે રૂબરૂ સહીઓ કરી છે.

(૩૬) જરૂર પડ્યે ગુજરાત ના કોઇ પણ સ્થળેથી વાહનની વાહન હંકારનાર સાથેની સેવા આપવાની રહેશે. આ મુસાફરી એંગેનુ બિલ ખરેખર મુસાફરી કરેલ સ્થળેથી આકારવાનું રહેશે.

(૩૭) જરૂર પડયે ગુજરાત રાજય બહારના સ્થળેથી પણ વાહનની વાહન હંકારનાર સાથેની સેવા આપવાની રહેશે.

(૩૮) કરાર કરનાર પેઢી "ઓન કોલ" માંગણીમાં દસ વાહન સુધી ની જરૂરિયાત પુરી પાડવા માટે સક્ષમતા ધરાવતી હોવી જોઇએ.

(૩૯) કરાર કરનાર પેઢી ને "ઓન કોલ" માંગણીમાં વાહનની જરૂરિયાત, તેનો પ્રકાર, રૂટ તથા પ્રવાસ કરનાર ની જાણકારી એક દિવસ અગાઉ પુરી પાડવામાં આવશે.

(૪૦) જરૂર પડયે આ કચેરી ને સંલગ્ન કચેરીને જરૂરિયાત મુજબ આજ શરતો મુજબ વાહન પુરા પાડવાના રહેશે.

સ્થળઃ .....................................

..............................................................

કોન્ટ્રાક્ટરનાં સહી-સિક્કા

તારીખઃ..................................

કોન્ટ્રાકટર નું નામ

એજન્સીનુંનામ

# પરિશિષ્ટ – ૪

## વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગેનું ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | વિગતમાં દર્શાવેલ સમગ્ર કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|
| ૧ | વાહન સુવિધા હંકારનારની સેવા સાથે (ઝાયલો/ટવેરા) માટે | માંગણી મુજબ પ્રતિ દિન ૩૦૦ કિ. મી. ની મર્યાદામાં | એકંદર ભાવ રૂ. ........................ પ્રતિ દિન; ૩૦૦ લઘુત્તમ કિ.મી માટે<br>૩૦૦ કી.મી. થી વધુ પ્રવાસના સંજોગોમાં ઉપરોકત ભાવના સપ્રમાણ દરે ચુકવવામાં આવશે. |
| ૨ | વાહન સુવિધા હંકારનારની સેવા સાથે (ઝાયલો/ટવેરા) માટે | માંગણી મુજબ પ્રતિ દિન ૧૫૦ કિ. મી. ની મર્યાદામાં | એકંદર ભાવ રૂ. ........................ પ્રતિ દિન; ૧૫૦ લઘુત્તમ કિ.મી માટે<br>૧૫૦ કી.મી. થી વધુ પ્રવાસના સંજોગોમાં ઉપરોકત ભાવના સપ્રમાણ દરે ચુકવવામાં આવશે. |

અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગતઃ

ડ્રાફ્ટ / પે ઓર્ડર નંબરઃ..................................... , તારીખઃ................................, રકમ:.................................

બેંકની વિગતઃ...........................................................................................

કરારનામાની ઉલ્લેખિત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં / અમે વાંચી છે અને તે હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ.

આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂં છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યું છે.

સ્થળઃ .................................                    ટેન્ડર ભરનારની સહી તથા

નામઃ.....................................

તારીખઃ ...............................                    એજન્સીનું નામ તથા સિક્કો

## પરિશિષ્ટ – ૪

# વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગેનું ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | ભાવપત્રક |
|---|---|---|---|
| ૧ | વાહન સુવિધા હંકારનારની સેવા સાથે (ડિઝાયર/ઈટીયોઝ) માટે | માંગણી મુજબ પ્રતિ દિન ૩૦૦ કિ. મી. ની મર્યાદામાં | એકંદર ભાવ રૂ ........................ પ્રતિ દિન; ૩૦૦ લઘુત્તમ કિ.મી માટે<br>૩૦૦ કી.મી. થી વધુ પ્રવાસના સંજોગોમાં ઉપરોકત ભાવના સપ્રમાણ દરે ચુકવવામાં આવશે. |
| ૨ | વાહન સુવિધા હંકારનારની સેવા સાથે (ડિઝાયર/ઈટીયોઝ) માટે | માંગણી મુજબ પ્રતિ દિન ૧૫૦ કિ. મી. ની મર્યાદામાં | એકંદર ભાવ રૂ. ........................ પ્રતિ દિન; ૧૫૦ લઘુત્તમ કિ.મી માટે<br>૧૫૦ કી.મી. થી વધુ પ્રવાસના સંજોગોમાં ઉપરોકત ભાવના સપ્રમાણ દરે ચુકવવામાં આવશે. |

અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગતઃ

ડ્રાફ્ટ / પે ઓર્ડર નંબરઃ....................................., તારીખઃ..............................., રકમ:............................

બેંકની વિગતઃ..........................................................................................................

કરારનામાની ઉલ્લેખિત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં / અમે વાંચી છે અને તે હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ.

આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂં છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યું છે.

સ્થળ_________________ ટેન્ડર ભરનાર ની સહી_____________________

ટેન્ડર ભરનાર નું નામ____________________

તારીખ ____________ એજન્સી નું નામ તથા સિક્કો________________________

## -: શરતો :-

(૧) ટોલટેક્ષ, પાર્કીંગ વિગેરે અન્ય તમામ વેરા સાથેના નેટ ભાવ આપવાના રહેશે.

(૨) ઉપરોક્ત ભાવ માંગણી મુજબ પ્રતિ દિન ૩૦૦/૧૫૦ કિ. મી. ની મર્યાદામાં પ્રતિ દિવસ માટે તમામ કરવેરા સાથેના આપવાના રહેશે. જેમાં વપરાશ કરતાવધુ કિ.મી માટે સપ્રમાણ દરે ચુકવવામાં આવશે.

(૩) સદર ભાવ એક વર્ષ માટે અમલમાં રહેશે તથા જો ઇંધણના ભાવ વધારો થાય તો ભાવ વધારો આપવામાં આવશે નહીં.

(૪) વાહન આઉટ સ્ટેશન લઈ જવામાં આવશે તો ડ્રાઈવરને નાઈટ હોલ્ટનો કોઈ ચાર્જ આપવામાં આવશે નહીં.

(૫) વાહનનો વપરાશનો સમયગાળો જો આઉટ સ્ટેશનમાં ન જવાનું હોય તો, પ્રતિ દિવસ ૧૨ કલાકનો રહેશે.

(૬) ઉપરોક્ત વાહનનો કોન્ટ્રાક્ટ લઘુત્તમ ૧૨ માસનો રહેશે. સેવા સંતોષકારક જણાયે પરસ્પર સમજુતિથી વધુ બે વર્ષ માટે કોઈપણ પ્રકારનાં ભાવવધારા સિવાય કોન્ટ્રાક્ટની મુદત વધારી શકાશે.

(૭) વાહનની કંડીશન સારી હોવી જોઈએ તથા યોગ્ય સાફ-સફાઈ અને જાળવણી કરવાની રહેશે.

(૮) વાહનના વપરાશ બાબતની લોગબુક પ્રતિદિન ભરી મુસાફરી કરનાર અધિકારીશ્રીની સહી કરાવવાની રહેશે.

(૯) વાહનનો કુલ વીમો ઉતરાવવાનો રહેશે. સમયસર રીન્યુ કરાવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

(૧૦) વાહનચાલકે ગાડીને લગતા તમામ કાગળો સાથે રાખવાના રહેશે તેમજ વાહનચાલક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતો હોવો જોઈશે.

(૧૧) અકસ્માતના કિસ્સામાં પ્રવેશ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૧૨) જો સર્વિસ સંતોષકારક ન જણાય તો પ્રવેશ સમિતિ કોઈપણ કારણ જણાવ્યા સિવાય કોઈપણ સમયે કરારનો અંત આણી શકશે.

કચેરીના વડા

**ટેંડર માં ભાગ લેવા ઇચ્છા ધરાવતી પેઢી/એજન્સી એ નીચે જણાવ્યા મુજબ ના ત્રણ સીલબંધ કવર એક મુખ્ય કવર માં પેક કરી કચેરી ને જમા કરાવવાના રહેશે.**

## કવર – ૧ (સીલ બંધ કવરમાં)

(૧) ડીમાંડ ડ્રાફ્ટ રૂ. ૧૫૦૦ પ્રતિ વાહન (જે વાહન માં ભાગ લેવા માંગતા હોય તેનો સ્પસ્ટ ઉલ્લેખ કરવો)

(૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ ડ્રાફ્ટ રૂ ૧૦૦૦૦ પ્રતિ વાહન (જે વાહન માં ભાગ લેવા માંગતા હોય તેનો સ્પસ્ટ ઉલ્લેખ કરવો)

## કવર – ૨ (સીલ બંધ કવરમાં)

(૧) અસલ ટેંડર ફોર્મ- તમામ વિગતો તથા સહી સીક્કા સાથે

(૨) પેઢી/એજન્સીનું વ્યવસાય રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ

(૩) પેઢી/એજન્સી નું ભાગીદારી પેઢીનામું (જો લાગે પડતુ હોય તો)

(૪) પેઢી/એજન્સીનું જી.એસ.ટી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ

(૫) પેઢી/એજન્સીનું પાન કાર્ડ

(૬) પેઢી/એજન્સીનું જી.પી.એફ / ઇ.એસ.આઇ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ – નંબર

(૭) પેઢી/એજન્સી ના સી. એ. દ્વારા પ્રમાણિત છીલ્લા ત્રણ વર્ષ ના ટર્ન ઓવર પ્રમાણ પત્ર

(૮) ટેંડર માં જણાવેલ તમામ વાહનોની રજીસ્ટ્રેશન બુક, ટેક્શી પાર્સીંગ ની કોપી, વીમીની પોલીસી, રસ્તા ની પરમીટ ની સ્વ પ્રમાણિત નકલ

(૯) પેઢી/એજન્સી ડીફોલ્ટર નથી/ કોઇ પીલીસ કેસ નથી તે અંગેનુ એકરારનામું

(૧૦) પેઢી/એજન્સીનું દ્વારા અન્ય સંસ્થા ઓ ને પુરી પાડવામાં આવતી સેવાઓની વિગત તથા સંતોષકારક કામગીરી ના પ્રમાણ પત્રો.

(૧૧) આ સિવાય ના અન્ય કોઇ આ ટેંડર માં માગેલ પ્રમાણપત્રો.

## કવર – ૩ (સીલ બંધ કવરમાં)

(૧) પરિશિષ્ટ –૪ તમામ ભાવ સાથે